# 2. ચોરી અને પ્રાયશ્ચિત

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :

1) ચોરીની ભૂલ સ્વીકારવામાં ગાંધીજીની જીભ ઊપડતી નથી, કારણ કે...

(A) પિતાજી મારશે તેવો ડર હતો.

(B) પોલીસ પકડવા આવશે તેવો ભય હતો.

(C) પિતાજી દુ:ખી થશે, કદાચ માથું ફૂટશે તેવા ભયે.

(D) ગાંધીજી ભૂલ સ્વીકારવા માગતા ન હતા.

2) સોનાના કડામાંથી એક તોલો સોનું કાપીને વેચવાની ઘટનાની ગાંધીજી ઉપર શી અસર થઈ ?

(A) કરજ ભરાતા મન શાંત થયું.

(B) ઘરમાંથી સોનું ગયાનો અફસોસ થયો.

(C) ચોરી કરવાની વાત ગાંધીજી માટે અસહ્ય થઈ પડી.

(D) ભાઈ પ્રત્યે લાગણી જન્મી.

3) ખોટું કાર્ય કર્યાના અપરાધભાવમાંથી બહાર આવવા શું કરવું જોઈએ ?

(A) કોઈનેય વાત ન કરવી

(B) જોખમ ખેડીને પણ દોષ કબૂલ કરવો જ જોઈએ.

(C) ખોટા રસ્તે જવું

(D) ખોટું કાર્ય વારંવાર ન કરવું.

4) બીડી પીવાની કુટેવમાંથી બીજી કઈ કુટેવ આવી ?

(A) ધુમાડો કાઢવાની

(B) નોકરના પૈસા ચોરવાની

(C) વડીલોના દેખતાં બીડી પીવાની

(D) ધતુરાના ડોડવા ખાવાની

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 2. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો:

### 1) ગાંધીજીએ ચિઠ્ઠીમાં શું લખ્યું હતું ?

- ગાંધીજીના માંસાહારી ભાઈને પચીસેક રૂપિયાનું દેવું થયું હતું. આથી ભાઈના સોનાના કડામાંથી નાનો ટુકડો કાપી દેવું ચૂકતે કરવામાં ગાંધીજીએ ભાઈને સાથ આપ્યો. આ ચોરી કર્યા પછી ગાંધીજીને પશ્ચાત્તાપ થયો. આથી તેમણે પિતાજીને ચિઠ્ઠી લખી જેમાં આ ચોરી કર્યાની વાત લખી હતી અને પોતાનો આ દોષ કબૂલ કર્યો હતો.

## 3. નીચેના પ્રશ્નોના સાત-આઠ વાક્યોમાં ઉત્તર લખો:

### 1) 'ચોરી અને પ્રાયશ્ચિત્ત' પાઠને આધારે ગાંધીજીના ગુણોનું વર્ણન કરો.

- 'ચોરી અને પ્રાયશ્ચિત્ત' આત્મકથાખંડમાં ગાંધીજીનો સૌથી મોટો ગુણ એમની નિર્ભિકતા અને પ્રામાણિકતા છે. તેમને બીડી પીવાની ઇચ્છા થઈ, જેથી નોકરના ખિસ્સામાંથી પૈસા ચોરવાની ટેવ પડી. એ બાબતનો એમણે નિખાલસપણે એકરાર કર્યો છે. એ વ્યસન છૂટતું નહોતું અને વડીલોની આજ્ઞા વગર કંઈ થઈ શકે તેમ નહોતું. એના કારણે તેમને આપઘાત કરવાની ઇચ્છા થઈ, પણ આપઘાત કરવો સહેલો નથી એની અનુભવ થતાં એ વિચાર પડતો મૂક્યો. પોતાના ભાઈએ કરેલ કરજ ચૂકવવા માટે ભાઈના સોનાના કડામાંથી એક નાનો ટુકડો કાપી કરજ ચૂકવવામાં ભાઈને સાથ આપ્યો. આવી અનેક બાબતો એમના મનમાં ખટકતી હતી. એ માટે જોખમ ખેડીને પિતાજી પાસે દોષ કબૂલ કરવાનો ગાંધીજીએ નિર્ણય લીધો અને પિતાજીને ચિઠ્ઠી લખી આ ચોરી કર્યાની કબૂલાત કરી. એ એમની પ્રાયશ્ચિત્ત કરવાની ઇચ્છા દર્શાવે છે. આ પ્રસંગો ગાંધીજીનો સત્ય માટેનો આગ્રહ, અહિંસાની ભાવના તથા દોષોનો નિખાલસપણે એકરાર કરવાની નિર્ભિકતા અને પ્રામાણિકતા સૂચવે છે.

### 2) ગાંધીજીના અંતરમાં થતા મનોમંથનનું વર્ણન કરો.

- 'ચોરી અને પ્રાયશ્ચિત્ત' આત્મકથાખંડમાં ગાંધીજીના અંતરમાં થતા મનોમંથનનું પ્રેરણાદાયી આલેખન થયું છે. ગાંધીજીને સૌપ્રથમ બીડી પીવાની તીવ્ર ઇચ્છા થઈ. આ પૂરી ન થતાં ચોરી કરી અને અંતે આપઘાત કરવાનું મન થયું. આ ત્રણ ભૂલો કર્યા પછી તેમના અંતરમાં વિચારોનું મંથન શરૂ થાય છે. તેમણે પોતાના ભાઈ સાથે આપઘાત કરવાનું નક્કી કર્યું. આપઘાત કરવા માટે ઝેર જોઈએ. ઝેર કોણ લાવી આપે? ઝેર ખાઈએ અને મૃત્યુ ન થાય તો? મરીને શો લાભ? આવા પ્રશ્નો એમના મનને ઘેરી વળે છે. અંતે રામજીના મંદિરે જઈ દર્શન કરી મનને શાંત કરવું અને આપઘાતનો વિચાર ભૂલી જવો એવા નિર્ણય પર ગાંધીજી આવે છે. આવી જ એક ઘટના ભાઈનું કરજ ચૂકવવાની બની. એ માટે ભાઈના સોનાના કડામાંથી નાનો ટુકડો કાપી કરજ ચૂકવવામાં તેઓ ભાઈને સાથ આપ્યો. એ વાત એમને અસહ્ય લાગી. પિતાજી પાસે કબૂલ કરવા જતાં પિતાજી દુ:ખી થશે, કદાચ માથું કૂટશે તો? એવા વિચારો મનમાં ઊઠ્યા, પણ અંતે તેમણે પિતાજી પાસે દોષ કબૂલ કર્યા વિના શુદ્ધિ નહિ થાય એવો નિર્ણય કર્યો. આ બંને નિર્ણય પાછળ ગાંધીજીની સત્યનું આચરણની ભાવના તથા પોતાના દોષનો નિખાલસપણે એકરાર કરવાની વૃત્તિ કારણભૂત છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in